# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

**VOL: XXVII** | **YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 JANUARY** | **NO: 11**


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

યોએલ ૨: ૨૧ થી ૨૬

૨૧. હે દેશ, બીશ મા, ખુશી થા ને આનંદ કર; કેમ કે યહોવાએ મહાન કાર્યો કર્યાં છે.

૨૨. હે વનચર પશુઓ, તમે બીશો મા; કેમ કે વનમાંના ચારાઓ ફૂટી નીકળે છે, વૃક્ષોને ફળ આવ્યાં છે, અંજીરીઓને તથા દ્રાક્ષાવેલાઓને સારો ફાલ આવ્યો છે.

૨૩. એ માટે, હે સિયોનના પુત્રો, આનંદ કરો, ને તમારા દેવ યહોવામાં હરખાઓ; કેમ કે તે તમને આગલો વરસાદ જોઈએ તેટલો આપે છે, ને તે તમારે સારુ વરસાદ, એટલે આગલો તથા પાછલો વરસાદ, પહેલાંની માફક વરસાવે છે.

૨૪. ખળીઓ ઘઉંથી ભરાઈ જશે, ને કુંડોમાંથી દ્રાક્ષારસ તથા તેલ ઊભરાઈ જશે.

૨૫ તીડો, કાતરાઓ, ઈયળો તથા જીવડાંઓની મોટી ફોજ જે મેં મારા તરફથી તમારામાં મોકલી હતી, તે જે વરસોનો પાક ખાઈ ગયાં છે, તેનો બદલો હું તમને વાળી આપીશ.

૨૬. તમે પુષ્કળ ખાઈને તૃપ્ત થશો, ને તમારો દેવ યહોવા, જે તમારી સાથે આશ્ચર્યકારક રીતે વર્ત્યો છે તેના નામની તમે સ્તુતિ કરશો; અને મારા લોક કદી લજ્જિત થશે નહિ.

# આ નવા વર્ષમાં તમે જે ગુમાવ્યું છે તે તમે પૂનઃપ્રાપ્ત કરી શકો છો!!

– બહેન એન્જલ

**YOU CAN RECLAIM WHAT YOU LOST IN THIS NEW YEAR!**



૨૦૨૬ માટે તમને ઘણી જ આનંદી અને આશીર્વાદિત શુભેચ્છા!

**ઈકો ઓફ હીજ કોલના** મુખ્યાલયમાંથી આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં શુભેચ્છાઓ તથા આશીર્વાદો પાઠવું છું!



જ્યારે આપણે આ નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આપણે સ્વાભાવિક રીતે જે બની ગયું છે તેના પર પાછા ફરીને જોઈએ છીએ અને આગળ શું છે તેની રાહ જોતા હોઈએ છીએ. કેટલાક વર્ષો યુદ્ધો જેવા લાગે છે; અન્યો સફળતાઓની મોસમ બની જાય છે. ૧ કાળવૃત્તાંત ૧૮:૧ આપણને યાદ અપાવે છે કે **સમયની સાથે સાથે....** ઈશ્વર દૈવી પરિવર્તનો, ફેરફારો લાવે છે – એ ક્ષણો જ્યારે લાંબા સમયથી રાહ જોવાતી જીત આખરે સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે.

(અનુસંધાન પાન ૩ પર)


ઈકો ઓફ હીજ કોલ



ખ્રિસ્તી યૂટયૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

★ Please Subscribe and Share ★

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## from your dearly beloved brother...





"....આખું વર્ષ તેના આરંભથી તે અંત સુધી યહોવા તારા દેવની નજર હમેશાં તેના પર રહે છે.."

- પુનર્નિયમ ૧૧:૧૨

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

પ્રભુમાં પ્રિય વહાલા ભાઈઓ અને બહેનો,

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સૌથી અદ્‌ભૂત નામમાં આપને શુભેચ્છાઓ. અમે તમને અને તમારા પરિવારોને નવા વર્ષની શુભકામનાઓ આપીએ છીએ.



*મંડળીના આગેવાનો અને વડીલોની સભા*

આપણામાંના ઘણાએ પાછલા વર્ષમાં મુશ્કેલીઓ અને સંઘર્ષોનો સામનો કરવો પડ્યો હશે, અને કેટલીકવાર, એવું પણ લાગતું હશે કે ઈશ્વર ચૂપ હતા. તેમ છતાં, આપણે શાસ્ત્રમાં વાંચીએ છીએ તેમ, યૂસફને ખાડામાંથી ઉંચે ઊઠાવીને મહેલમાં લઈ જવામાં આવ્યો હતો. ઈશ્વરે તેના દુ:ખ દરમિયાન તરત જ તેને દિલાસો આપ્યો ન હતો, અને આ ઘણીવાર આપણા પોતાના અનુભવોને પ્રતિબિંબિત કરી શકે છે. પણ તેમના સંપૂર્ણ સમયમાં, ઈશ્વર તમને ઉન્નત કરશે.

**"એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતાને નમાવો કે તે તમને યોગ્ય સમયે ઉચ્ચપદે મૂકે."** – ૧ પિતરનો પત્ર ૫:૬

આવો ઈશ્વર આ નવા વર્ષને નવીકરણનું વર્ષ બનાવો, અને તેઓ તમારા માટે જે નવા માર્ગો ઉઘાડે છે તેના દ્વારા તેઓ તમને અનેકવિધ આશીર્વાદોથી ભરપૂર કરી દો.

**"કેમ કે જે નવાં આકાશ તથા નવી પૃથ્વી હું ઉત્પન્ન કરવાનો છું, તેઓ જેમ મારી સંમુખ સ્થિર રહેનાર છે, તેમ તમારાં સંતાન તથા તમારાં નામ કાયમ રહેશે, એવું યહોવા કહે છે."** - યશાયા ૬૬:૨૨

આ વર્ષે અમારી આગળ ઘણા સેવાકાર્યો છે - એવા કાર્યો જે એકલા માનવીય પ્રયત્નોથી બિલકુલ અશક્ય છે. અમે તમને અમારી સાથે યાદ રાખવાનું ચાલુ રાખતા હોવા છતાં પણ અમે તમારી પ્રાર્થનાઓને માટે નિષ્ઠાપૂર્વક વિનંતી કરીએ છીએ. ચોક્કસ, તમે આશીર્વાદિત થશો.

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Media Ministry Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development




**નીચે ત્રણ મહત્વપૂર્ણ સિદ્ધાંતો અનુસરવા માટે આપવામાં આવ્યા છે:**

1. *તમારી મંડળી પર અને તમારા પાળક પર પ્રીતિ રાખો. સર્વ ભજનસેવાઓમાં નિયમિત હાજરી આપો. યોગ્ય સ્વસ્થ સિદ્ધાંતમાં મજબૂત બનો.*
2. *તમારા પ્રાર્થનામય જીવનને પ્રાધાન્ય આપો અને સતત ઈશ્વરની હાજરીમાં રહો.*
3. *ઈશ્વરે તમને જે આરોગ્ય, નાણાં અને આશીર્વાદો આપ્યા છે તે પ્રમાણે વિશ્વાસુપણે પ્રભુની સેવા કરો.*

અમે પ્રાર્થના કરીએ છીએ કે તમે આવનારા દિવસોમાં ઈશ્વરનું રક્ષણ, તેમની ભલાઈ અને તેમના વચનોની પરિપૂર્ણતાનો આનંદ માણશો.

તમ સર્વ પર કૃપા રહો!

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*
**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)



*દાઉદે પલિસ્તીઓને મારીને વશ કર્યા*

દાઉદે પલિસ્તીઓ સાથે ઘણાં વર્ષો સુધી સંઘર્ષનો અનુભવ કર્યો હતો. તેમ છતાં, ઈશ્વરના સંપૂર્ણ સમયમાં, બધું બદલાઈ ગયું. તે કલમ એક પરિવર્તનને ચિહ્નિત કરે છે – જ્યારે વચનોની ખાતરી પ્રગટ થવાનું શરૂ થયું, અને શત્રુઓને વશ કરવામાં આવ્યાં હતાં.

જ્યારે આપણે ૨૦૨૬માં પગ મુકી રહ્યા છીએ, ત્યારે આ ફકરો આપણને ખાતરી આપે છે કે ઈશ્વરનો સમય ક્યારેય મોડો થતો નથી. જ્યારે આપણે તેમને જોઈ શકતા નથી ત્યારે પણ તેમની યોજનાઓ પ્રગટ થતી રહે છે.

**જ્યારે ઈશ્વર કાર્ય કરે છે, ત્યારે તે આખરી હોય છે!**


**"દાઉદે પલિસ્તીઓને મારીને વશ કર્યા, ને તેમના હાથમાંથી ગાથ તથા તેના કસબાઓ લઈ લીધાં."** – (૧ કાળવૃત્તાંત ૧૮:૧)



વર્ષો સુધી, પલિસ્તીઓએ ઈસ્રાએલીઓને લૂંટ્યા હતા. તેઓએ નુકસાન પર નુકસાન સહન કર્યું હતું – તેમના પરિવારો, તેમની પ્રતિષ્ઠા, કરાર કોશ અને તેમના યાજક એલી પણ. એવું લાગતું હતું કે જાણે હાર તેમની નિયતિ બની ગઈ હતી. એવું લાગતું હતું કે શત્રુ શક્તિશાળી જણાતો હતો, અને ઈશ્વર શાંત હતા.

પણ પછી તે ક્ષણ આવી જ્યારે ઈશ્વરે હસ્તક્ષેપ કર્યો હતો – અને જ્યારે ઈશ્વર કાર્ય કરે છે, ત્યારે તેમની જીત આખરી હોય છે.

બાઈબલ કહે છે દાઉદે પલિસ્તીઓને ફક્ત માર્યા જ નહોતાં, પણ તેણે તેમને વશ પણ કર્યા હતા – તેનો અર્થ કે તેઓ હવે ઈસ્રાએલની સામે ફરીથી ઊભા થવાના નહોતાં.



*જે મિસરીઓને આજે તમે જુઓ છો, તેઓને તમે ફરી કદી દેખાશો નહિ*




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

પલિસ્તીઓ વારંવાર પાછા આવ્યા હતા, પણ હવે ઈશ્વરના સામર્થ્યએ દાઉદ દ્વારા તેમને કચડી નાખ્યાં હતાં.

આ ઈશ્વરના દરેક બાળકને ઈશ્વરનું વચન છેઃ જ્યારે તેઓ તમારી લડાઈમાં ઉતરશે, ત્યારે જે એકવાર તમારી સામે ઊભા થયા તે ફરી ઊભા થશે નહિ.

"...**જે મિસરીઓને આજે તમે જુઓ છો, તેઓને તમે ફરી કદી દેખાશો નહિ.**" નિર્ગમન ૧૪:૧૩ – ઈશ્વરની સત્તા અને તેમના લોકો માટે તેમના છૂટકારાનું એક યાદપત્ર.

તમારામાંથી ઘણા લોકો માટે, શત્રુએ વર્ષોથી ઘણું બધું લઈ લીધું છે – તમારી શાંતિ, આરોગ્ય, નાણાં, સંબંધો, નોકરી, કુટુંબ, બઢતી, આશીર્વાદો. પણ યહોવા પ્રભુ જાહેર કરે છેઃ

૨૦૨૬ એ શત્રુએ જે ચોરી લીધું છે તે પાછું લેવાનું વર્ષ છે! આમીન!

દાઉદે શત્રુ કાબૂ મેળવ્યો હતો અને તેને વશમાં રાખ્યો હતો. તેના પર હવે કોઈનું પ્રભુત્વ ન હતું – તે વિજેતા બન્યો હતો. હું પ્રાર્થના કરું છું કે આ વર્ષે તમે હવે શત્રુઓના હુમલાઓ દ્વારા નિયંત્રિત થશો નહિ પણ ઈસુ ખ્રિસ્તના અધિકારમાં ચાલશો. આવો તમે તમારી પરિસ્થિતિઓ, સંજોગો, પડકારો અને પાછલા વર્ષોની નિષ્ફળતાઓ પર નિયંત્રણ મેળવી શકો.

તીડ જે કંઈ પણ ખાઈ ગયું છે – તેને ફરીથી મેળવવાનું આ તમારું વર્ષ છે.

આ ફક્ત તમારું જે છે તેને બચાવવાનું વર્ષ જ નથી, પણ જે ગુમાવ્યું છે તે પાછું લેવાનું પણ વર્ષ છે.

## દાઉદે ગાથ પાછું જીતી લીધું હતું – વિજયનું એક પ્રતીક!

પલિસ્તીઓને વશ કર્યા પછી, દાઉદે ગાથ પાછું લઈ લીધું હતું – તેમના સૌથી મજબૂત અને સૌથી પ્રભાવશાળી નગરોમાંનું એક.

હીબ્રુમાં, મેથાગ અમ્માહનો અર્થ થાય છે "માતૃ નગરની લગામ, રાશ, કાબૂમાં રાખવું" – નિયંત્રણ અને સત્તાની ગાદી બેઠક. જે કોઈની પાસે ગાથ હતું તેણે સત્તા સંભાળી હતી.

**ગાથ ગોલ્યાથ, જેણે એક સમયે ઈસ્રાએલને ડરાવ્યું હતું, તેનું અને કદાવરોનું વતન હતું.** (૧ શમુએલ ૧૭:૪; ૨ શમુએલ ૨૧:૧૫-૨૧). છતાં ઈશ્વરની શકિત સામે કંઈ જ ટકી શક્યું નહિ.

જે એક સમયે હારનું પ્રતીક હતું તે વિજયનું પ્રતીક બની ગયું હતું.

તેવી જ રીતે, તે જ ક્ષેત્રો જ્યાં તમે એકવાર નુકસાન સહન કર્યું હતું તે જ તમારી સૌથી મોટી જીતના સ્થાનો બની જશે. ઈશ્વર તેમના વચનો પરિપૂર્ણ કરવા માટે વિશ્વાસુ છે.

## શા માટે ઈશ્વરે દાઉદ પર કૃપા રાખી હતી?

દાઉદ સંપૂર્ણ ન હતો. તે આવેગજન્ય, લાગણીશીલ, ખામીયુક્ત,અને તૂટી ગયેલો હતો **તેમ છતાં ઈશ્વરે તેને પોતાનો મનગમતો માણસ કહ્યો હતો.** (૧ શમુએલ ૧૩:૧૪, પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૨૨).

તેના પર અને તેની પેઢીઓ પર રહેલ કૃપા પાછળનું રહસ્ય શું હતું?

## ૧. દાઉદે ઈશ્વરને પ્રથમ સ્થાન આપ્યું હતું, ઈશ્વરને પ્રાથમિકતા આપી હતી!

દાઉદે હંમેશા ઈશ્વરને પ્રથમ સ્થાન આપ્યું હતું. નિષ્ફળતામાં પણ, તેનો પ્રથમ પ્રતિભાવ પસ્તાવો કરવાનો અને સમર્પણનો હતો.

તેણે પોકાર કર્યો હતો, "**તારો પવિત્ર આત્મા મારી પાસેથી લઈ લેતો નહિ.**" (ગીતશાસ્ત્ર ૫૧:૧૧)

**તેણે માણસના હાથોમાં પડવાને બદલે દયાળુ ઈશ્વરના હાથમાં પડવાનું પસંદ કર્યું હતું.** (૨ શમુએલ ૨૪:૧૪). તે પોતાના મુગટ, રાજ્યાસન કે પ્રતિષ્ઠા કરતાં ઈશ્વરની હાજરીને વધારે મહત્ત્વ આપતો હતો.



*તારો પવિત્ર આત્મા મારી પાસેથી લઈ લેતો નહિ*

જો આપણે શત્રુએ જે ચોરી લીધું છે તે ફરીથી મેળવવા માંગીએ છીએ, તો આપણે પણ આ વર્ષની શરૂઆતમાં ઈશ્વરને પ્રાથમિકતા આપવી જોઈએ – જ્યારે આપણે તે સમજી શકતા નથી ત્યારે પણ તેમના સમય પર ભરોસો કરવો જોઈએ.

આવો આપણે આ પ્રાર્થના કરીએ:

"**હે યહોવા પ્રભુ, તમે મને માર્ગદર્શન આપો અને મને સ્થાપિત કરો – જ્યારે હું સમજી શકતો નથી, ત્યારે પણ જ્યારે તેનો કોઈ અર્થ નથી.**" (નીતિવચનો ૩:૫-૬).

## ૨. દાઉદ રાજ્ય માટે માનસિકતા ધરાવતો હતો!

દાઉદને મંદિર બાંધવાની પરવાનગી આપવામાં આવી ન હતી, તેમ છતાં તેણે સુલેમાનને જે જોઈએ તે બધું તૈયાર કર્યું હતું. તેણે સંપત્તિ ભેગી કરી, શાંતિ સ્થાપિત કરી અને આગામી પેઢી માટે પાયો નાખ્યો હતો.

તેની ચિંતા, કાળજી અંગત મહિમાની નહિ પણ ઈશ્વરના ગૌરવ માટે હતી.

આજની દુનિયામાં, ઘણા લોકો ઓળખ, અનુયાયીઓ અને ખ્યાતિ મેળવવાની શોધમાં હોય છે. પણ ઈશ્વરના ખરા સેવકો તેમના રાજ્યની પ્રગતિ માટે શાંતપણે કામ કરે છે. ઈશ્વર તમારી અદ્રશ્ય મહેનતને જુએ છે. તેઓ બદલો આપનાર છે.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1966

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનીને પત્ર ૧૨:૧૩), અને ઝંપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**જાન્યુઆરી ૧૯:** અમારા મુખ્ય ચર્ચમાં અને શાખા ચર્ચોમાં અર્થપૂર્ણ અને પ્રભાવશાળી નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરવામાં અમને સક્ષમ કરવા માટે.

**જાન્યુઆરી ૨૦:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબો પર તેમની ભરપૂર દયાને માટે.

**જાન્યુઆરી ૨૧:** અમારા **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર મિનિસ્ટ્રીના** વૈશ્વિક દર્શનને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૨:** અમારી યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રીને આશીર્વાદિત કરવા માટે, ૫ મિનિટના સંદેશા સાથે વણખેડાયેલા વિસ્તારો સુધી સુવાર્તા ફેલાવવામાં અમને સહાય કરવા માટે.

**જાન્યુઆરી ૨૩:** આપણા **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજો, ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** ની સર્વ પ્રવૃત્તિઓને માટે.

**જાન્યુઆરી ૨૪:** આપણા ૧૬ ભાષાઓમાંના સામયિકો પરના આશીર્વાદોને માટે, જે અમારા છાપખાનામાં છપાય છે અને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં આવે છે.

**જાન્યુઆરી ૨૫:** અમારી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની અવિરત પ્રતિબદ્ધતાને માટે.

**જાન્યુઆરી ૨૬:** **ઈકો ઓફ હીજ કોલના** કર્મચારીવર્ગના સભ્યો અને તેમના પરિવારોને સારી તંદુરસ્તી અને દૈવી સલામતીથી આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૭:** તમામ ચર્ચ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવા માટે યુવાનોને ઉત્સાહ સાથે આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૮:** અમારા ભાગીદારોની પ્રાર્થના અને નાણાંકીય સહાયથી અમને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૯:** અમારા સર્વ સહાયક સંપાદકો અને તેમના પરિવારોને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૩૦:** મુખ્ય ચર્ચના અને શાખા ચર્ચોના આપણા પાળકો અને જ્યેષ્ઠ આગેવાનોને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૩૧:** મુખ્ય ચર્ચના અને શાખા ચર્ચોની આપણી બાળકોની મિનિસ્ટ્રીને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૦૧:** આપણા વડીલ પાળકની મિનિસ્ટ્રીમાંની મુસાફરીઓને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૦૨:** ઈશ્વરના વચનનું સામર્થ્ય મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોમાંની અમારી રવિવારની ભજનસેવાઓમાં પ્રગટ થાય તે માટે.

**ફેબ્રુઆરી ૦૩:** આપણા વડીલ પાળકને વર્ષ ૨૦૨૬ માટે નવું દર્શન આપ્યું છે તે માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ફેબ્રુઆરી ૦૪:** ઇઝરાયેલ, પેલેસ્ટાઈન, રશિયા અને યુક્રેનમાં શાંતિ સ્થપાય તે માટે.

**ફેબ્રુઆરી ૦૫:** અમારા વડીલ પાળક રેવ. એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરીબળથી સલામત રાખવા માટે.

**ફેબ્રુઆરી ૦૬:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો, મંડળીઓ પર ઈશ્વરના આશીર્વાદ અને રક્ષણને માટે.

**ફેબ્રુઆરી ૦૭:** અમારા કાર્યાલયના કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીઓના સારા સ્વાસ્થ્યને માટે.

**ફેબ્રુઆરી ૦૮:** વૈશ્વિક આર્થિક મંદીનો અંત આવે તે માટે.

**ફેબ્રુઆરી ૦૯:** વિશ્વભરના ઈશ્વરના સેવકો અને મિશનરીઓની વિરુદ્ધ થતી હિંસાનો અંત આવે તે માટે.

**ફેબ્રુઆરી ૧૦:** વિશ્વભરની સર્વ મહિલાઓ અને બાળકોની સલામતીને માટે.

**ફેબ્રુઆરી ૧૧:** **"ઈકો ઓફ હીજ કોલની"** બહારી મિનિસ્ટ્રીજો અને જુવાનોને માટે.

**ફેબ્રુઆરી ૧૨:** આ વર્ષના **ઈકો ઓફ હિઝ કોલ** મિનિસ્ટ્રીજ માટે જરૂરી ભંડોળને માટે.

**ફેબ્રુઆરી ૧૩:** જાહેર અને સરકારી પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સફળતા અને દૈવી માર્ગદર્શનને માટે.

**ફેબ્રુઆરી ૧૪:** **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** તથા **નહેમ્યા બાઈબલ કોલેજોના** વિદ્યાર્થીઓ પર ઈશ્વરના દૈવી રક્ષણને માટે.

**ફેબ્રુઆરી ૧૫:** બીમારી, ગરીબી અને ભૂખમરાથી પીડિત લોકોને રાહત મળે તે માટે.

**ફેબ્રુઆરી ૧૬:** મદ્યપાન કરનાર અને ખોટા કામો કરનારાઓના બદલાણ અને પસ્તાવાને માટે.

**ફેબ્રુઆરી ૧૭:** આ મહિનાની અમારી સર્વ જરૂરિયાતો પૂરી પાડવામાં પ્રભુની વ્યવસ્થાને માટે.

**ફેબ્રુઆરી ૧૮:** મોબાઈલ ફોન અને ઓનલાઈન ગેમ્સના વ્યસનથી વિશ્વભરના બાળકો અને યુવાનોનું રક્ષણ થાય તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

જો આપણે સ્વર્ગની જેમ પૃથ્વી પર ઈશ્વરનું રાજ્ય આવે એવું ઈચ્છતા હોઈએ, તો આપણે રાજ્યની માનસિકતા કેળવવી જોઈએ.

તે શ્રેય કોને મળે છે અથવા ફેસબુક લાઈક્સ, ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ અથવા યુટ્યુબ સબસ્ક્રાઈબર્સોની વાત નથી. તે ઈસુ ખ્રિસ્ત માટે અનુયાયીઓ અથવા સબ્સ્ક્રાઈબર્સોને એકત્ર કરવા વિશે નથી - તે કરવામાં આવી રહેલા કાર્ય વિશે છે.

આવો ૨૦૨૬ એ એવું વર્ષ બનવા દો જ્યાં આપણે આપણી જાતથી આગળ વિચારીએ - રાજ્યના હેતુનું વર્ષ.

**"ઈશ્વરના મહિમાને માટે, જે કંઈ કામ તારે હાથ લાગે તે મન લગાડીને કર."** (સભાશિક્ષક ૯:૧૦).

## ૩. દાઉદે સર્વમાં ઈશ્વરને મહિમા આપ્યો હતો!

દાઉદે સ્વીકાર્યું હતું કે દરેક વિજય ઈશ્વર તરફથી આવ્યો છે.

તેણે જીતેલા દેશોમાંનું સોનું, રૂપું અને પિત્તળ યહોવા પ્રભુને અર્પણ કર્યું હતું.

**"દાઉદે સોનાની ઢાલો લીધી...અને તેમને યરૂશાલેમમાં લાવ્યો. દાઉદ રાજાએ તે સર્વ યહોવાને અર્પણ કર્યાં..."** - ૨ શમુએલ ૮:૭,૧૧.

તેણે જે એક સમયે શત્રુનું ઘમંડ હતું તે લૂંટી લીધું હતું અને તે ઈશ્વરને અર્પણ કર્યું હતું - તે સુલેમાન માટે પિત્તળનો સમુદ્ર, સ્તંભો અને અન્ય પવિત્ર વસ્તુઓ બનાવવા માટે રાખી મૂક્યું હતું.

### તેથી શાસ્ત્ર જાહેર કરે છે:

**"...દાઉદ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં યહોવાએ તેને ફતેહ પમાડી...."** ૨ શમુએલ ૮:૬.

દાઉદે જેટલું ઈશ્વરનું સન્માન કર્યું, તેટલું વધારે ઈશ્વરે તેને માન આપ્યું હતું. તેના શત્રુઓ પણ તેને માટે ભેટો લાવ્યા હતા.

**"હમાથના રાજા તોઈને ખબર પડી કે દાઉદે હદાદએઝેરના સઘળા સૈન્યનો પરાજય કર્યો છે, ત્યારે દાઉદ રાજાને હદાદએઝેરની સામે લડીને તેને હરાવ્યો હતો તેને લીધે તેને મુબારકબાદી તથા ધન્યવાદ આપવા સારુ તોઈએ પોતાના દીકરા યોરામને તેની પાસે મોકલ્યો હતો, જે પોતાની સાથે રૂપાનાં પાત્રો, સોનાનાં પાત્રો તથા પિત્તળના પાત્રો લઈ આવ્યો હતો...એ પણ દાઉદ રાજાએ યહોવાને અર્પણ કર્યાં, અને તે સાથે જે જે પ્રજાઓને તેણે તાબે કરી હતી તે સર્વનું લૂંટનું રૂપું તથા સોનું પણ તેણે અર્પણ કર્યું."** - (૨ શમુએલ ૮:૯, ૧૦,૧૧).



*દાઉદ રાજાએ સોનું, રૂપું તથા પિત્તળ યહોવાને અર્પણ કર્યાં હતા.*

આમ, દાઉદે આ બધું યહોવા પ્રભુને અર્પણ કર્યું હતું.

વહાલા ભાઈઓ અને બહેનો, આવો આપણે આ વર્ષની શરૂઆતમાં નક્કી કરીએ કે આપણે જે કંઈ બધું પ્રાપ્ત કરીએ છીએ તે ઈશ્વરનું છે.

**"દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન તેમના તરફથી અને તેમને માટે હોય છે."** (યાકૂબનો પત્ર ૧:૧૭).

આવો આપણે ઈશ્વરે આપણને આપેલી સૌથી મોટી ભેટ - તેમના પુત્ર, ઈસુ ખ્રિસ્તને આપણે ક્યારેય ન ભૂલીએ.

તેમણે આપણું દુઃખ સહન કર્યું જેથી આપણે વિશ્વાસમાં ઊભા રહી શકીએ.

તેમણે આપણા પાપ અને શાપ લઈ લીધા અને આપણને આશીર્વાદમાં પરિવર્તિત કર્યા હતા.

## તમારું પુનઃસ્થાપનાનું અને વિજયનું વર્ષ!

વહાલાઓ, ૨૦૨૬ એ ફક્ત તમારી પાસે જે છે તેને બચાવી રાખવાનું વર્ષ નથી.

તે શત્રુએ જે ચોરી લીધું છે તે પાછું લેવાનું વર્ષ છે.

ખોવાઈ ગયેલું પુનઃપ્રાપ્ત કરવાનું, આનંદનો ફરી દાવો કરવાનું અને જે તૂટી ગયું છે તેને ફરીથી જોડવાનું વર્ષ.

### દાઉદની જેમ, જ્યારે તમેઃ

- ઈશ્વરને પ્રાધાન્ય આપો, પ્રાથમિકતા આપો.

(આગળ પાન ૯ પર...)


ECHO OF HIS CALL

નહેમ્યા બાઈબલ કોલેજો

લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોમપૂરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચો: સંથોમપૂરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ
૯. કુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોમપૂરમ)

**૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૮. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
**૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**

૨૨. પ્રતિભાવ સમય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પૂરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| **Account Name** | : **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : **1023 2923 805** |
| **Bank Name** | : **STATE BANK OF INDIA** |
| **Branch** | : **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : **SBIN 0000249** |
| **SWIFT Code** | : **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## મારા જીવનમાં તેમનું માર્ગદર્શન અને પૂરું પાડવાની વ્યવસ્થા!

**"તે તેઓનો પોકાર પણ સાંભળશે, અને તેઓને તારશે." - ગીતશાસ્ત્ર ૧૪૫:૧૯**

પ્રભુ ઈસુ ખ્રિસ્તે મને ૧૯૮૨માં ચેપોક, ચેન્નાઈમાં (મદ્રાસમાં) ચર્ચ મિનિસ્ટ્રી શરૂ કરવા માટે કૃપા પૂરી પાડી હતી. તેની શરૂઆતથી, ચર્ચને નાણાકીય મર્યાદાઓ તેમજ આ વિસ્તારમાં ખ્રિસ્તી-વિરોધી વ્યક્તિઓના વિરોધ અને ઈર્ષ્યાને કારણે સતત એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરવાના પડકારનો સામનો કરવો પડ્યો હતો.

આખરે, અમે એક હવા ઉજાસ વિનાના ઘરની અંદરના એક નાનકડા ઓરડામાં અમારી રવિવારની ભજનસેવાઓનું સંચાલન કરી રહ્યા હતા. આ ઘર એક વહાલા ભાઈ શ્રી જ્યોર્જની માલિકીનું હતું.

એક વિશેષ ભજનસેવા દરમિયાન, પ્રભુએ અણધારી રીતે અને સામર્થ્યવાન રીતે મારા આત્માને તે જ વિસ્તારમાં અમારી પોતાની માલિકીનું હોય એવા એક વિશાળ મકાન માટે તેમના પર ભરોસો કરવા માટે પ્રોત્સાહિત કર્યો હતો. તેમણે મને મંડળી સાથે આ વહેંચવા અને તેમની પ્રાર્થનાના સમર્થનની વિનંતી કરવા માટે પણ દોર્યો હતો. મેં પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું અને સેવા દરમિયાન આ દર્શન વહેંચ્યું હતું.

જો કે, મને સાંભળનારા લોકોએ ઉપહાસ અને અવિશ્વાસ સાથે પ્રતિસાદ આપ્યો હતો.

- કેટલાકે તેમના વ્યંગાત્મક દેખાવથી મારી મજાક ઉડાવી હતી.
- કેટલાકે પ્રશ્ન કર્યો હતો કે, "શું આપણી નબળી આર્થિક પરિસ્થિતિ સાથે પણ મિલકત ખરીદવી શક્ય છે?"
- કેટલાકે એમ કહીને આત્મિક દબાણ ઉમેર્યું હતું, "જો આપણી પાસે પૈસા હોત તો પણ આટલી ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આપણને વેચાતી લેવા માટે કોઈ મિલકત ક્યાંથી મળશે?"
- કેટલાક થોડા લોકોએ મારી ટીકા કરીને પૂછ્યું પણ કે, "શું ઈશ્વરના માણસ માટે ઈશ્વરના નામે આવી અવ્યવહારુ વાતો કરવી યોગ્ય છે?"

આ બધી પ્રતિક્રિયાઓએ મને ભારે મૂંઝવણ અને નિરાશામાં ધકેલી દીધો હતો. મને એક પણ એવી વ્યક્તિ મળી નહિ જે આ વિશ્વાસના પગલાને સ્વીકારવામાં મારી સાથે ઉભો રહે. સામાન્ય જનતાએ તારણ કાઢ્યું હતું કે ખ્રિસ્તી ઉપદેશકો પાસે અવાસ્તવિક અને અસ્વીકાર્ય વાતો બોલવા સિવાય બીજું કંઈ સારું હોતું નથી. તેઓ ઈશ્વરના દર્શનને ઓળખવામાં નિષ્ફળ ગયા હતા.

તોપણ, હું નિરાશ થયો ન હતો. તેને બદલે, પ્રભુએ મને દિલાસો આપ્યો અને મને તેમના પર નિશ્ચિતપણે અઢેલી રહેવાની કૃપા આપી હતી – **આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર** (હિબ્રૂઓને પત્ર ૧૨:૨). તેમણે તેમના વચન દ્વારા મારા હૃદયને મજબૂત કર્યું હતું:

**"હે કીડા સમાન યાકૂબ, હે ઈસ્રાએલના માણસ, બીશો મા; યહોવા કહે છે કે, હું તને મદદ કરીશ, વળી તારો છોડાવનાર તે ઈસ્રાએલનો પવિત્ર દેવ છે. જુઓ, મેં તને તીક્ષ્ણ, નવા દાંતાવાળા મસળવાના યંત્રરૂપ બનાવ્યો છે; તું પર્વતોને મસળીને ચૂરેચૂરા કરીશ, ને પહાડોને ભૂસા જેવા કરી નાખીશ."** – યશાયા ૪૧:૧૪-૧૫

દિવસો વિતતા ગયા. ઈશ્વરે સર્વ લોકોની આગળ મારું સન્માન કર્યું હતું અને કૃપાથી તેમની મિનિસ્ટ્રી માટે એક અદ્‌ભૂત સ્થાન પૂરું પાડ્યું હતું જ્યાં તેમણે મને દર્શન આપ્યું હતું.

પણ જ્યારે એકવાર મને સ્થળ મળી ગયું, ત્યારે મારી પાસે મિલકત ખરીદવા માટે પૈસા ન હતા – જેમ લોકોએ અપેક્ષા કરી હતી. મેં અલગ અલગ જાણીતા સ્ત્રોતો પાસેથી મદદ માંગી હતી, પણ કોઈ આગળ આવ્યું નહિ, કેમ કે હું આર્થિક રીતે ખૂબ જ ગરીબ હતો. આ નિરાશાજનક પરિસ્થિતિમાં, સરકારે પોતે મને મિલકત ખરીદવા માટે વ્યક્તિગત આગોતરું મકાન ભંડોળ પૂરું પાડ્યું હતું, કેમ કે હું તે સમયે સરકારી નોકરીમાં હતો. આ શક્ય બનાવવા માટે, ઈશ્વરે એક બિન-ખ્રિસ્તી મિત્ર, શ્રી કાન્નાન અને એક ખ્રિસ્તી ભાઈ, શ્રી એમ. પી. જયકુમારનો ઉપયોગ કર્યો હતો.

ઈસુ ખ્રિસ્ત વિશ્વાસુ છે. ઈસુ ખ્રિસ્ત સદાકાળ સારા છે -અને સર્વ સમયે ઈસુ ખ્રિસ્ત ભલા છે! આપણે કેવા અદ્‌ભૂત ઈશ્વરની સેવા કરીએ છીએ! **"અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે."** – ગીતશાસ્ત્ર ૩૪:૮.

આજે જ્યારે હું આ સંદેશ લખી રહ્યો છું ત્યારે પણ, મારું જીવન કઠોર અને પડકારોથી ભરેલું છે. ઈશ્વરે આપેલ અસંખ્ય મિનિસ્ટ્રીઓનો ભાર વહન કરતી વખતે હું દરરોજ મુશ્કેલીઓ અને અસંખ્ય બોજોથી દબાયેલો છું - **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિકો જે ૧૬ ભાષાઓમાં છપાય છે, ૩ ભાષાઓમાંના **બાઈબલકોર અભ્યાસક્રમ** અને તાલિમ અભ્યાસક્રમો, **નહેમ્યા બાઈબલ કોલેજો,** દર રવિવારે ચાલતી સાત ભજનસેવાઓ સાથેનું મુખ્ય ચર્ચ, **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** (ગ્રામ્ય માધ્યમિક શાળા), સુવાર્તા છાપખાનું, અને તેમની સાથે જોડાયેલી તમામ વહીવટી જવાબદારીઓ.

હું મિનિસ્ટ્રીમાં અને વહીવટમાં, બંનેમાં અકથ્ય વ્યક્તિગત સંઘર્ષો, પડકારો અને નિષ્ફળતાઓનો સામનો કરું છું. ઘણી રાતો અનિંદ્રા સાથે રહી છે, અને ઘણી રાતોએ હું ઊંઘીશ પણ નહિ. આ બધી મુશ્કેલીઓમાં, મેં શીખ્યું છે કે અંધકાર, દુષ્ટતા સાથેના દબાણો અને નિરાશાથી ભરેલી આ દુનિયામાં ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ વિશ્વાસુ અને યોગ્ય છે. મેં વ્યક્તિગત રીતે તેમના અવિશ્વસનીય માર્ગદર્શન અને દૈવી જોગવાઈનો અનુભવ કર્યો છે.

એક જાણીતા સ્તોત્રની નીચેની પંક્તિઓ મારી મુસાફરીને વ્યક્ત કરે છે:

*દોરો, માયાળુ પ્રકાશ, ઘેરી રહેલા અંધકાર વચ્ચે, તમે મને આગળ દોરો!*
*રાત અંધારી છે, અને હું ઘરથી દૂર છું; તમે મને દોરો!*
*તમે મારા પગલા ચલાવો; હું દૂરનું દ્રશ્ય જોવા માટે કહેતો નથી; મારા માટે એક પગલું પૂરતું છે.*

મારું રોજનું જીવન કસોટીઓ અને મુશ્કેલીઓથી ભરેલું છે, તેમ છતાં મને ધન્યતા ભરેલી ખાતરી છે કે જ્યારે હું આ પૃથ્વી પર મારું કાર્ય પૂર્ણ કરીશ, હું મારા સ્વર્ગીય ઘરમાં પ્રવેશ કરીશ, મારા માલિક ઈસુ ખ્રિસ્તને રૂબરૂ મળીશ, અને તે ભવ્ય ક્ષણમાં હું તેમને આલિંગન આપીશ અને મારા તમામ પૃથ્વીના અનુભવો તેમની સાથે વહેંચીશ. હું તે અદ્ભૂત દિવસની આતુરતાથી રાહ જોઉં છું. તે દિવસ મહાન દિવસ હશે! તે દિવસ સૌથી ધન્ય દિવસ હશે!



વહાલા મિત્રો, શું તમારી પાસે આ આશા અને ઝંખના છે?

*************

(પાન ૬ પરથી આગળ...)

- રાજ્યની માનસિકતા ધરાવતા જીવો છો
- તમારી પાસે જે કંઈ છે તેનાથી તેમનું સન્માન કરો છો, ત્યારે તમે તમારા જીવનના દરેક ક્ષેત્રમાં ઈશ્વરની અલૌકિક કૃપા અને વિજય જોઈ શકશો.

**"દાઊદ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં યહોવાએ તેને ફતેહ પમાડી...."** - ૨ શમુએલ ૮:૬



*તમે તમારા જીવનના દરેક ક્ષેત્રમાં ઈશ્વરની અલૌકિક કૃપા અને વિજય જોઈ શકશો.*



*દાઊદ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં યહોવાએ તેને ફતેહ પમાડી*

આવો ૨૦૨૬માં આ તમારી સાક્ષી બનવા દો - કે તમે જ્યાં જાઓ ત્યાં ઈશ્વર તમને વિજય આપે છે.

આવો એક સમયે ભય લાવનાર તે જ સ્થાન તમારા વિશ્વાસનો મજબૂત ગઢ બનવા દો.




**ઈશ્વર તમને આશીર્વાદ આપો, અને નવું વર્ષ વિજયી રહો!**

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **S. Sam Selva Raj** |
| A/C No. | : **1023 2934 679** |
| IFSC | : **SBIN 00 00 249** |

SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

| | |
|---|---|
| Branch | : **Anna Salai, Chennai-6** |
| Name | : **Echo of His Call** |
| A/C No. | : **6038 0502 2319** |
| IFSC | : **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **Echo of His Call Educational Trust** |
| A/C No. | : **1023 2923 805** |
| IFSC | : **SBIN 00 00 249** |

## OUR QR CODE:

ECHO OF HIS CALL

Scan to pay with any UPI app

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કૂલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th JANUARY 2026

If un-delivered please return to:

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

## *JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**